પિયત મંડળી હસ્તકની નહેરોના મરામત
અને નિભાવણી ના કાર્યો હાથ ધરવા બાબતે
માર્ગ દર્શક સૂચનાઓ બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક :- પીઆઇએમ-૧૦૨૦૧૨-૪૫૧(૧) એમ.આઇ.સેલ /ક-૧
તા.૪/૦૨/૨૦૧૪

વંચાણે લીધા:- (૧) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પીઆઇએમ-૧૦૯૫-૨-(૨) તા.૨૨-૧૧-૧૯૯૫

(૨) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પીઆઇએમ-૧૦૯૫ / આઇબી /(૧૩)/સી-૧ તા.૦૯-૦૫-૧૯૯૭

(૩) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પીઆઇએમ/૨૦૦૧/૧૭૪૩/૧/ક-૧ તા.૧/૫/૨૦૦૨

(૪) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૨૦૦૨-૨૩- ગુ.નિ/ક-૧ તા.૨૭/૫/૨૦૦૩

## પ્રસ્તાવના:-

રાજ્યની હયાત સિંચાઇ યોજનાઓમાં મરામત અને નિભાવણીના કામો હાથ પર લેવા અંગે ઉપરોક્ત અનુસંધાનિત પરિપત્રોથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલી છે. સહભાગી સિંચાઇ વ્યવસ્થા ક્ષેત્રની હયાત નિતિમાં સુધારો કરવા ક્ષેત્રિય કક્ષાએથી વિવિધ સૂચનો મેળવવા માટે મુખ્ય ઇજનેરશ્રી (ગુ.નિ) અને અધિક સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૧૬/૧૦/૨૦૧૨ના રોજ યોજાયેલ મીટીંગમાં હાજર રહેલ ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા જુદા જુદા મુદ્દાઓ અન્વયે જરૂરી સુધારા કરવા રજુઆત કરવામાં આવેલ , જે અન્વયે નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

(૧) ન.જ.સં.પા.પુ_અને કલ્પસર વિભાગ ના પરિપત્ર ક્રમાંક પીઆઇએમ-૧૦૯૫-૨-(૨) તા.૨૨-૧૧-૧૯૯૫ના સમજુતી કરારનામાના ક્રમ નં-૬ માં પિયત મંડળીએ પિયત સગવડોની સામાન્ય મરામતની જવાબદારી અદા કરવા માટે ફૂલ પાણીના દરમાંથી ૩૦ % રકમ ખાતા તરફથી રીબેટ તરીકે પરત કરવામાં આવે તેવી જોગવાઇ છે. આ અંગે સિંચાઇની બીજી સીઝન ની શરૂઆત પહેલાં મંડળી દ્વારા મરામત કામ પૂર્ણ થાય અને તે મતલબનું નિયત નમુનામાં પ્રમાણપત્ર એનેક્ષર-૧ માં સંબંધિત સેકશન ઓફિસર પાસેથી મળે તે પછી પિયત મંડળીએ પિયત સગવડોની સામાન્ય મરામતની જવાબદારી અદા કરેલ હોય તે માટે ફૂલ પાણીના દરમાં થી ૩૦ % રકમ ખાતા તરફથી રિબેટ તરીકે પરત કરવાની રહેશે.

(૨) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૨૦૦૨-૨૩- ગુ.નિ/ક-૧ તા.૨૭/૫/૨૦૦૩ ની માર્ગ દર્શક સૂચનાઓના ક્રમ નં-૧૦ (બ) મુજબ મરામતના કામો અંગે જો ખેડૂત જુથો તૈયાર હોય અથવા આ જાતના કામો કરવા માટે જે તે વિસ્તારમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ કાર્ય કરતી બીન સરકારી સંસ્થા આ કામગીરી કરવા માટે તૈયાર હોયતો નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પીઆઇએમ /૨૦૦૧ /૧૭૪૩/૧/ક-૧ તા.૧/૫/૨૦૦૨ પ્રમાણે કામોમાં અગ્રિમતા આપવાની જોગવાઇ છે. પરંતુ આ માટે મંડળી/સ્વૈચ્છિક સંસ્થા પાસેથી તેમની સહમતી મેળવવા અંગે ૧૫ દિવસનો સમયગાળો નિયત કરવામાં આવે છે.